ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



રાજેન્દ્રકુમાર ટી મહેતા
મો. ૯૩૭૬૯ ૭૪૧૫૦



અંશુ કમલેશકુમાર કામત

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ડિવાઈન વિઝન ગૃપે બાળદિન નિમિત્તે ગરીબ બાળકોને સાંકળ્યાં



ગાંધીનગર, તા. ૧૮

ડિવાઈન વિઝન ગૃપ, ગાંધીનગર દ્વારા સૅક્ટર-૨૨ ખાતે આયોજિત બાળદિવસની ઉજવણીના કાર્યક્રમમાં શ્રમજીવી પરિવારોનાં ગરીબ બાળકોને પણ સાંકળવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમનો આરંભ પણ વિશેષ રીતે કરવામાં આવ્યો હતો. સીત્તેર જેટલાં બાળકો અને વાલીઓએ દેશના વીર જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરીને કાર્યક્રમનો આરંભ કર્યો હતો.

મુખ્ય અતિથિ તરીકે કાર્યક્રમમાં ઉપસ્થિત કિરીટભાઈ પટેલે બાળદિનની ઉજવણીનું મહત્ત્વ સમજાવી બાળકોને સમૂહ ડાન્સ અને ગરબા જેવી વિવિધ પ્રવૃત્તિઓ પણ કરાવી હતી.

ફિઝિયોથેરાપીસ્ટ વિદ્યાર્થીની પૂજા દવેએ ખાસ બનાવેલી હૅપ્પી ચિલ્ડ્રન્સ ડે લખેલી કેક કાપી, વહેંચીને બાળકોને મોં મીઠું કરાવ્યું હતું.

આ ઉજવણીમાં નજીકમાં વસતા શ્રમજીવીઓનાં બાળકોને ખાસ આમંત્રિત કરી લાભ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતમાં ગૃપના સંયોજક જયદીપભાઈ બી જોષીએ બાળકોને પ્રોત્સાહક ઈનામોનું વિતરણ કરી સૌના સાથ-સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# રવિવારે બ્રહ્મયોગ અને ભાનુ સપ્તમીનો સુભગ સમન્વય

## માનસિક તણાવમાંથી મુક્તિ મેળવવા માટેનો ઉત્તમ દિવસ

ગાંધીનગર, તા. ૧૮

તારીખ ૨૦મી નવેમ્બરે બ્રહ્મયોગ સાથે રવિવાર અને સપ્તમીનો સંયોગ થઈ રહ્યો છે. આ સંયોગમાં સૂર્યનારાયણની ઉપાસના કરવાથી ટેન્શન એટલે કે માનસિક તાણ પણ દૂર થાય છે અને સંકલ્પશક્તિમાં પણ વધારો થાય છે, એવું જ્યોતિષીઓનું કહેવું છે. આ અંગે દ્વારકા-શારદાપીઠનાં દંડી સ્વામી સદાનંદ સરસ્વતીજીએ જણાવ્યું કે અનેક લોકો વર્તમાન સ્થિતિ અંગે અમારી પાસે માનસિક તણાવમાંથી મુક્તિ મેળવવાનાં ઉપાય પણ પૂછતાં હોય છે ત્યારે તા. ૨૦મીએ જે ભાનુ સપ્તમીનો યોગ આવી રહ્યો છે. તે પણ સૂર્યોપાસનાનો વિશિષ્ટ દિવસ છે. ખાસ કરીને મનોબળ પ્રાપ્ત કરવા માટે પણ આ સૂર્યોપાસના ઉત્તમ ફળદાયી કહેવાય છે. સૂર્યનારાયણ સાક્ષાત્ દેવ છે. આજના સમયમાં મેધા-પ્રજ્ઞા એટલે કે વિવેકશક્તિની આવશ્યકતા છે, તે મેળવવા માટે પણ સૂર્યનારાયણની ઉપાસના કરવી અત્યંત આવશ્યક છે. દંડીસ્વામીએ જણાવ્યું કે સૂર્યનારાયણ માત્ર ભૌતિક જ નહીં, આધ્યાત્મિક લાભ પણ પ્રદાન કરે છે. લૌકિક દૃષ્ટિએ જોઈએ તો આરોગ્ય, ઐશ્વર્યની પ્રાપ્તિ પણ સૂર્યોપાસના દ્વારા થાય છે. આ દિવસે શક્ય હોય તો સૂર્યોદય સમયે સૂર્યનારાયણને અર્ઘ્ય પ્રદાન અને 'આદિત્યહૃદય સ્તોત્ર'નું પઠન કરવું જોઈએ. તેમણે જણાવ્યું કે આ દિવસે સૂર્ય ઉપાસનાની સાથે શિવાલયમાં જઈને જળાભિષેક પણ કરી શકાય છે. જેનાથી આત્મબળ, સંકલ્પશક્તિની પણ પ્રાપ્તિ થાય છે. માનસિક તાણ દૂર કરવા 'ઓમ્ સૂર્યાય નમઃ' અથવા 'ઓમ્ નમઃ શિવાય' મંત્રનો જાપ કરવો જોઈએ.



ફિનાર ફાઉન્ડેશન દ્વારા એસજી હાઈવે ખાતે કાર્યરત કાર્યાલયમાં રક્તદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી મારફતે ૮૦૦ જેટલા થેલેસેમિયા બાળકોને મદદરૂપ થવાના પ્રયાસરૂપે આ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૭૫ યુનિટ જેટલું રક્ત એકત્ર થયું હતું. ઉલ્લેખનીય છે કે આ ચોથા કૅમ્પ સાથે ફિનાર ફાઉન્ડેશન દ્વારા કુલ ૧૯૧ યુનિટ જેટલું રક્તદાન મેળવવામાં આવ્યું છે.

## 'ગાંધીવિચાર' વાંચી ૩૬૩ કેદીઓએ પરીક્ષા આપી

અમદાવાદ, તા. ૧૮

સાબરમતી જેલમાં રહેલા ૩૬૩ કેદીઓએ 'ગાંધીવિચાર' વાંચીને પરીક્ષા આપી હતી. સાબરમતી જેલમાં કેદીઓ ગાંધીવિચારને વાંચે અને પરીક્ષા આપે તેવો નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. પહેલા ચરણમાં સાતસો કેદીઓને ગાંધીજીની આત્મકથા સહિત વિવિધ ગાંધી સાહિત્યનાં ત્રણ પુસ્તકો આપવામાં આવ્યા હતા. તા. ૧૩, રવિવારે ૩૬૩ કેદીઓએ ગાંધી પરીક્ષા આપી હતી. અમદાવાદ બોમ્બ ધડાકા કેસના આરોપી, ગુલબર્ગ કેસના સજા પામેલા કેદી, કાચા કામના કેદીઓ અને મહિલા કેદીઓએ પરીક્ષા આપી હતી.

# શાળાઓ પુનઃ કાર્યરત



ગાંધીનગર, તા. ૧૮

સ્કૂલ્સ માટે અમલમાં આવેલું ૨૦ દિવસનું દિપાવલી વૅકેશન આખરે ગુરુવારે પૂર્ણ થયું છે અને શુક્રવારથી શાળાઓનો વિધિવત પ્રારંભ થઈ ગયો છે. ગાંધીનગર શહેરની સ્કૂલ્સ શુક્રવારથી આરંભાઈ છે, પરંતુ અમદાવાદ શહેરની ઘણી સ્કૂલોમાં મંગળવારથી શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ સ્કૂલોમાં ક્રિસમસ વખતે અઠવાડીયાની રજા આપવામાં આવતી હોવાના લીધે સ્કૂલો દિવાળી વેકેશનમાં એક સપ્તાહનો ઘટાડો કરતી હોવાથી મંગળવારથી આવી સ્કૂલોમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું હતું. જોકે અન્ય સ્કૂલો ૧૮ નવેમ્બરથી રાબેતા મુજબ શરૂ થઈ હતી. રાજ્યની સ્કૂલોમાં ૨૮ ઓક્ટોબરથી સત્તાવાર રીતે દિવાળી વેકેશનનો પ્રારંભ થયો હતો. ત્યારે જાહેરાત કરવામાં આવી હતી કે આ વેકેશન ૧૭ નવેમ્બર સુધી ચાલશે અને ૧૮ નવેમ્બરથી સત્તાવાર રીતે સ્કૂલો શરૂ થઈ જશે. આ સ્કૂલો ડિસેમ્બરમાં ક્રિસમસના તહેવાર વખતે એક સપ્તાહનું વેકેશન આપતી હોવાથી દિવાળી વેકેશનમાં એક સપ્તાહનો ઘટાડો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. શિક્ષણ વિભાગના નિયમ મુજબ શૈક્ષણિક વર્ષ દરમિયાન મહત્તમ ૮૦ રજા રાખવામાં આવતી હોય છે. હવે જો આ સ્કૂલો દિવાળી વેકેશન ૨૧ દિવસનું રાખે તો તેમની પાસે ક્રિસમસના વેકેશન માટે દિવસો વધતા ન હોઈ તેઓ દિવાળીનું વેકેશન એક સપ્તાહ ઘટાડી દે છે. જો, સ્કૂલો દિવાળીમાં ૨૧ દિવસનું વેકેશન આપ્યા બાદ ક્રિસમસનું એક સપ્તાહનું વેકેશન આપે તો વર્ષની કુલ રજાઓ ૮૦ કરતા વધી જાય છે, જેથી આ નિયમનો ભંગ ન થાય તે માટે સ્કૂલોએ દિવાળી વેકેશનમાં ઘટાડો કર્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

બાદ થયા પછી
બાકી શું રહી ગયું?
કે એનું નામ
'બાદબાકી' પડી ગયું?

-નાદિયા હિમાની

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
ફોર્સ-૨
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ
(હિન્દી, ૩ડી)
૪.૦૦, ૯.૪૫
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ
(અંગ્રેજી, ૩ડી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૫**
ફોર્સ-૨
૧૦.૦૦
તુમ બિન-૨
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

## સ્કૂલોએ હવે નિયત સમયમાં ડીઈઓ કચેરીને માહિતી મોકલવી પડશે

# ડીઈઓની સૂચના અવગણતી સ્કૂલોની માન્યતા રદ થશે

## પરિપત્રોનો અમલ કે માહિતી મોકલાતી ન હોવાથી સરકારની લાલ આંખ

ગાંધીનગર, તા. ૧૮

શિક્ષણ બોર્ડ તથા ડીઈઓ કચેરી દ્વારા તેમના તાબાની સ્કૂલો પાસે અવારનવાર જાહેરનામા, ઠરાવો, પરિપત્રો મોકલી તેનો અમલ કરવા જણાવાય છે. ઉપરાંત સ્કૂલો પાસેથી માહિતી માંગવામાં આવતી હોય છે. પરંતુ ઘણી સ્કૂલો સરકારી પરિપત્રોનો અમલ કરતી નથી અને માંગવામાં આવેલી માહિતી પણ નિયત સમયમાં મોકલતી નથી. જેની સામે શિક્ષણ વિભાગ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે અને હવે સૂચનાઓનું ઉલ્લંઘન કરનાર સ્કૂલ સામે માન્યતા રદ સુધીના પગલાં લેવામાં આવશે. સરકારના કડક વલણ બાદ હવે સ્કૂલો નિયત સમયમાં માહિતી મોકલતી થશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

ડીઈઓ કચેરી દ્વારા સરકારના જાહેરનામ, ઠરાવો, પરિપત્રો કે સરકારની સૂચનાઓનું તેમજ શાળાની માન્યતાની શરતોનું પાલન કરવા અવારનવાર જણાવવામાં આવે છે. તેમ છતાં ઘણી સ્કૂલો ડીઈઓ કચેરી દ્વારા માંગવામાં આવતી માહિતી નિયત સમયમર્યાદામાં આપતી નથી. ઉપરાંત સ્કૂલોની માન્યતાની શરતોનું પણ પાલન કરવામાં આવતું નથી. આવી સ્કૂલોમાં કચેરી દ્વારા માંગવામાં આવતી માહિતી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની તેમજ માન્યતાની શરતોનું પાલન કરવાની તમામ શાળાના આચાર્ય અને સંચાલક મંડળની જવાબદારી નક્કી કરવામાં આવેલી છે. સ્કૂલો દ્વારા ડીઈઓ કચેરી ખાતેથી માંગવામાં આવતી માહિતી આપવામાં ખૂબ જ બેદરકારી દાખવવામાં આવતી હોઈ હવે ડીઈઓ કચેરી દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. આ મુદ્દે ડીઈઓ દ્વારા તમામ સ્કૂલોને પરિપત્ર કરી કડક ચીમકી ઉચ્ચારી છે. જેમાં વારંવાર કચેરીની સૂચનાઓનું ઉલ્લંઘન અને અનિયમિતતાઓ આચરવામાં આવે તેવી શાળાઓ હવે આ કચેરીના ધ્યાને આવશે તો સ્કૂલને આપવામાં આવેલી એન.ઓ.સી. રદ કરવા સંબંધિત બોર્ડને તે શાળાની માન્યતા રદ કરવા કચેરી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. આમ, હવે જે સ્કૂલો ડીઈઓ કચેરી દ્વારા આપવામાં આવતી સૂચનાઓને કચરા ટોપલીમાં નાંખી દેતી હતી, તેમને હવે આ સૂચનાઓને ખૂબ જ ગંભીરતાથી લેવાની ફરજ પડશે અને નિયત સમયમાં તમામ માહિતી મોકલી આપવી પડશે. વારંવાર સૂચનાઓના ભંગ બદલ આવી સ્કૂલોની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી ડીઈઓ કચેરી દ્વારા હાથ ધરવામાં આવશે.

## પોતાના લગ્ન સમારંભમાં

# ડૉ. દીપિકા પાંચ પુસ્તકોનું એક સાથે વિમોચન કરાશે



ગાંધીનગર, તા. ૧૮

બોપલના ડો.સચિન સરડવા તથા મોરબીના ડો. દીપિકા વિઠલાપરાના લગ્ન સમારંભમાં ડો. દીપિકા સરડવા લીખીત પાંચ પુસ્તકોનું એક સાથે વિમોચન કરવામાં આવશે.

આ પ્રંસંગે પુર્વ કેન્દ્રીય મંત્રી મોહનભાઈ કુંડારીયા, બોપલ ઘુમા નગરપાલીકાના કાઉન્સિલર રેખાબેન સરડવા, ઈશ્વરભાઈ સરડવા, ડો. સચિન સરડવા, કાન્તાબેન વિઠલાપરા, અંબારામભાઈ વિઠલાપરા સહિત અનેક હસ્તીઓ ઉપસ્થિત રહેશે.

પાંચ પુસ્તકોના યુવા લેખીકા ડો. દીપિકા સરડવા વિઠલાપરાએ જણાવ્યુ હતુ કે, સારા પુસ્તકો વાંચવાના મારા શોખે મને પુસ્તક લખવા માટેની પ્રેરણા આપી. પુસ્તક લખવાનો પ્રારંભ કર્યો તો એક સાથે જ પાંચ પુસ્તકો લખાઈ ગયા. મારા લગ્ન સમારંભને યાદગાર બનાવવા માંગુ છુ એટલે જ લગ્ન સમારંભમાં જ એક સાથે મારા પાંચ પુસ્તકોનું વિમોચન કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

# શામ-એ-કવ્વાલી : નિગાહેં મિલાને કો જી ચાહતા હૈ...




'પલ દો પલ કા સાથ હમારા...' આવી કોઈ કવ્વાલી શરૂ થાય એટલે ખાસ પ્રકારની વેશભૂષા અને માથે ટોપી સાથે સામસામે બે ટીમ બેઠી હોય, ઢોલક-તબલાં-હાર્મોનિયમ સાથે મીઠી તાન છેડાય, સ્પર્ધા થાય, ઈશારા થાય અને મહેફિલ જામી જાય... બસ, પૂર્ણતઃ આવો જ માહોલ રવિવારે ટાઉનહૉલમાં જામ્યો હતો. સુંદર સ્ટેજ સજ્જા સાથે બધાં કવ્વાલો ખીલ્યા હતા અને આ હિન્દી ફિલ્મી કવ્વાલીનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો એની ટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશને.

શામ-એ-કવ્વાલીમાં શિરડીવાલે સાંઈબાબા, આયા હૈ તેરે દર પે કવાલી... જેવી ધાર્મિક કવ્વાલી સાથે પરદો ખુલ્યો અને જનાબ સ્ટેજ પર સજીધજીને બેઠેલાં કલાકારોને જોતાં જ આફ્રિન પોકારી જવાયું. દિલ હી તો હૈ ફિલ્મની સુપ્રસિદ્ધ કવાલી નિગાહેં મિલાને કો જી ચાહતા હૈ... સાથે જે તાલ-સૂર પકડી લધો એ કાબિલ-એ-દાદ હતો.

મલિકા-એ-હુશ્ન એવી કાર્યક્રમની સંચાલિકા પ્રિયા જાનીએ ગાયકો અજય પટેલ, અક્ષય તમાયચે, માધુરી ગોસ્વામી અને મયુરી સોનીનો પરિચય કરાવ્યો અદ્દલ લખનવી સ્ટાઈલમાં. જિતેન્દ્ર પર ફિલ્માવેલી કવ્વાલી 'હાલ ક્યા હૈ દિલોં કા ન પૂછો સનમ...' પર રિધમ પ્લેયરે રંગ રાખ્યો.

આશા ભોંસલેની આગવી ઓળખ સમાન શિકારી ફિલ્મનું ગીત પરદે મેં રહને દો..., બાદમાં સુફીના પૈગામ જેવી કવ્વાલી પિયા હાજી અલી...ને ગાયકે તાર સપ્તકમાં ગાઈને આધ્યાત્મિક અનુભૂતિ કરાવી. એ પછી રાજેશ ખન્ના પર ફિલ્માવેલી કવ્વાલી 'વાદા તેરા વાદા...' બખૂબી પ્રસ્તુત થઈ.

વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ જેવી નવી ફિલ્મની કવ્વાલી તુમ જો આયે જિંદગી મેં બાત બન ગઈ... પર રાવ વર્લ્ડના ચેરમેન રાવ અને શ્રીમતી ઈલા રાવને સ્ટેપ્સ કરાવી શ્રોતાઓને મોજ કરાવી.




શાહરૂખની ખ્યાત ફિલ્મ માય નેમ ઈઝ ખાનની રાહત ફતેહઅલી ખાન અને રિચા શર્માએ ગાયેલી શંકર-અહેસાન-લોયની સંગીતબદ્ધ કવ્વાલી સજદા, તેરા સજદા... વન્સમોર મેળવી ગઈ.

કાર્યક્રમના સંગીત સંચાલક ધી બિટલ્સ બૅન્ડના મૌલિન શાહ પાસે કિ-બૉર્ડ, ગિટારિસ્ટ અને સ્વયં ઑક્ટોપેટ સાથે રિધમમાં તબલાં-ઢોલક અને કોંગો બોંગો એટલા સજ્જ સાજિંદા હતાં કે ગાયકોનું મોટાભાગનું કામ હળવું કરી નાંખ્યું. એમાંય કિ-બૉર્ડ આર્ટીસ્ટે અમુક હાર્મોનિયમના અદ્ભૂત માસ્ટર પીસ વગાડ્યા હતા. યુવા ગાયક અક્ષય તમાયચે અને મંજેલા ગાયક અજય પટેલે મેલ સાઈડ મજબૂત રાખી તો ફિમેલમાં માધુરી-મયુરીની જોડી જામી ગઈ. સંગીત-ગાયકની જુગલબંદીને માશાઅલ્લા કહેવું પડે.

ઓરકેસ્ટ્રાને આરામ આપવા સાઉન્ડ ટ્રેક પર ગવાયેલું મૈં હું ના ફિલ્મનું ગીત તુમસે મિલ કે દિલ કા હૈ જો હાલ ક્યા કહે... સરસ રહ્યું. એ પછી બજરંગી ભાઈજાનનું ભર દે મેરી ઝોલી યા મહંમદ... ઠીકઠાક હતું. કિ-બૉર્ડ પર હાર્મોનિયમની કમાલ જેવી કવ્વાલી કજરા મહોબ્બતવાલા... ખૂબ સરસ રહ્યું. મુકદર કા સિકંદરનું ગીત સલામ-એ-ઈશ્ક મેરી જાન... બચ્ચનના ડાયલોગ સાથે જામ્યું.

ઝંઝીર ફિલ્મની પ્રાણની એવરગ્રીન કવ્વાલી યારી હૈ ઈમાન મેરા... અને એ પછી અમર-અકબર-એન્થની ફિલ્મની રિશી કપૂર પર ફિલ્માવેલી અફલાતૂન કવ્વાલી પરદા હૈ પરદા... જમાવટ કરી ગઈ. વક્તની કવ્વાલી એ મેરી ઝોહરાજબીં... પછી સરફરોશ ફિલ્મની દેશભક્તિ છલકાવતી કવ્વાલી જિંદગી મૌત ના બન જાયે સંભાલો યારોં... રજૂ થઈ અને પછી પરદો પડી ગયો.

એટીએમના સેમ્યુઅલ અને બિના ક્રિશ્ચિયને આ નવતર પ્રયોગ માટે સારી એવી મહેનત કરી. એન્કર પ્રિયાએ ઉર્દૂ શબ્દો, શેર-શાયરીઓ સાથે માહોલ જમાવ્યો... હા, એક વાત ખટકતી રહી કે લગભગ દરેક કવ્વાલીમાં એ શ્રોતાઓને ઈન્વોલ્વ કરવા સ્ટેજ પર બોલાવતાં રહ્યાં અને એ ગોઠવણમાં ખાસ્સો સમય બગડતાં ચારેક કવ્વાલી ઓછી સાંભળવા મળી. વારેવારે શ્રોતાઓને સ્ટેજ પર બોલાવવાનો અતિરેક રસભંગ કરી ગયો. ઉત્સાહનો ઊભરો રસના દૂધને છલકાવી ગયો.

કવ્વાલીના કાર્યક્રમમાં હિન્દી ફિલ્મી સંગીતની એવરગ્રીન એવી હમેં તો લૂટ લિયા મિલકે હુસ્નવાલોં ને... ચાંદી કા બદન સોને કે નઝર... આજ ક્યું હમ સે પરદા હૈ... તેરી મહેફિલ મેં કિસ્મત આઝમાકર હમ ભી દેખેંગે.. પલ દો પલ કા સાથ હમારા... અને જેના વગર આ મહેફિલ અધૂરી કહેવાય એવી બરસાત કી રાતની કવ્વાલી ના તો કારવાં કી તલાશ હૈ, ના તો હમસફર કી તલાશ હૈ.. સાંભળવા શ્રોતાઓ ઈચ્છતા હતા, પણ એ મળ્યું નહીં.

સુંદર પરિવેશ અને માથે ટોપી સાથે સજ્જ ગાયકો-વાદકોના વૃંદે કવ્વાલીનો એક ખરેખર સુંદર કાર્યક્રમ આપ્યો. કાર્યક્રમની હળવાશથી લેવાની જગ્યાએ ચુસ્તતા રાખી હોત તો આ કાર્યક્રમ અવિસ્મરણીય બની રહ્યો હોત.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારું મધુરું બાળપણ'